

# અર્હદ્ પ્રેરણા પત્ર

❖ વર્ષ : 27 ❖ અંક : 2
❖ S.No. : 424 ❖ તા.16-10-20 ❖ ઓક્ટોબર
છૂટક નકલ : રૂા. 6/-

JAIN ALERT GROUP OF INDIA ESTD. 1983

# એલર્ટ ગ્રુપ દ્વારા વિવિધ એક્ટિવીટી

JAIN ALERT GROUP OF INDIA ESTD. 1983



કલ્યાણ ગ્રુપ દ્વારા અનાજ વિતરણ







કલ્યાણ ગ્રુપ દ્વારા ૨૫ પૂજારીને પૂજાની જોડનું વિતરણ




ખામગાંવ ગ્રુપ દ્વારા પશુઓને ઘાસ વિતરણ



ધાંગધ્રા ગ્રુપ દ્વારા ઘાસ વિતરણ




આમોદ ગ્રુપ દ્વારા અનાજ કીટ વિતરણ




વસઈ ગ્રુપ દ્વારા ઈડલી-ચટણીનું વિતરણ



નાલાસોપર ગ્રુપ દ્વારા ખીચડી વિતરણ



ધોરાજી ગ્રુપ દ્વારા લાડવા-ગાંઠીયાનું વિતરણ




આમોદ ગ્રુપ દ્વારા અનુકંપાદાન



ભરૂચ ગ્રુપ દ્વારા ફ્રુટ વિતરણ



હિંમતનગર ગ્રુપ દ્વારા ૧૮ અભિષેક

**સૌજન્ય : માતુશ્રી શોભનાબેન અમરીષભાઈ શાહ, હ. ભાવિન, શ્રેણુજ**

તં દેવદેવ મહિઅં સિરસા વંદે મહાવીરમ્

॥ શ્રી પ્રેમ-ભુવનભાનુ-જયઘોષ-રાજેન્દ્ર-હેમરત્નસૂરીશ્વરેભ્યો નમઃ ॥

યુવાનોના ઉત્કર્ષ કાજે યુવાનો વડે ચાલતું મેગેઝીન

દિવ્યકૃપા : યુવાહૃદયસમ્રાટ્ સ્વ.પૂજ્ય આચાર્ય શ્રી હેમરત્નસૂરીશ્વરજી મહારાજા

લેખક : પ.પૂ.મુનિશ્રી હૃદયરત્ન વિ.મ.



અર્હદ્ પ્રેરણા પત્ર

વર્ષ : 27 ❖ અંક : 2
S.No. : 424 ❖ વિ.સં.2076
તા.16-10-2020 ❖ ઓક્ટોબર

: માલિક :
અર્હદ્ ધર્મ પ્રભાવક ટ્રસ્ટ
૧૭, ઈલોરા પાર્ક, જૈન દહેરાસરની સામે,
નારણપુરા ચાર રસ્તા, અમદાવાદ-૧૩.
ફોન : 079-2768 1317

૨૪૩, પંચરત્ન બીલ્ડીંગ, ૨જે માળ,
એમ.પી.માર્ગ, ઑપેરા હાઉસ, મુંબઈ - ૪.
ફોન : 022-23631564, 23808621
manasmandirtrust@gmail.com
www.shreejainalertgroup.org

તંત્રી–મુદ્રક–પ્રકાશક
કલ્પેશભાઈ વિ. શાહ
અમદાવાદ

ટાઈપ સેટીંગ
સમ્યક્ ડીઝાઈન એન્ડ પ્રિન્ટ
અમદાવાદ

મુદ્રક
સર્વોદય ઓફસેટ
અમદાવાદ
મો. : 98245 15514

આજીવન લવાજમ : રૂા. ૫૦૦/–
છૂટક નકલ : રૂા. ૬/–



## પ્રાર્થના

હે પરમાત્મા ! ઘણા દિવસ પછી તારા મંદિરે આવ્યો છું. સાચું કહું, ભગવાન ! તારી કૃપાથી હું બચી ગયો છું. ભારે અકસ્માત થયેલો. બેભાન થઈ ગયેલો. ભાનમાં આવ્યો ત્યારે કોઈ હૉસ્પિટલમાં હતો. મારી આજુબાજુ અજાણ્યા પણ સારા માણસો ઊભા હતા. પૂછ્યું, ભાઈ મને શું થયું છે ? ત્યારે તે લોકોએ બનેલી ઘટના કહી.

ભાઈ તમારો અકસ્માત થયેલો. તમે આજે ત્રણ દિવસે ભાનમાં આવ્યા છો. અમે લોકો મારી ગાડીમાં નાંખી તમને અહીં સારવાર કરવા લાવ્યા છીએ. લો આ તમારી બેગ જે ફેંકાઈ ગયેલી. રૂા. દોઢ લાખ સહી સલામત છે. આ તમારા સોનાના દાગીના. તમારે કોઈ બીલ ચૂકવવાનું નથી અમે ઈન્સ્યુરન્સમાંથી પાસ કરાવી દીધું છે !

પ્રભુ ! આ વાત જાણી ત્યારે મારી જાત ઉપર ભયંકર નફરત થઈ ! લોકો જગતમાં કેટલો પરોપકાર કરી રહ્યા છે ! મેં આજ સુધી માત્ર પૈસા ભેગા કરવામાં જ જિંદગી કાઢી. હજુ સુધી કોઈનાય કામમાં આવ્યો નથી. સાવ નકામો ! પ્રભુ હું ખરેખર જીવવાને પણ લાયક નથી ! એ લોકો ચાલ્યા ગયા. મારી થેન્ક્સ લેવા પણ રહ્યા નથી ! કેટલો પરોપકાર ! હે નાથ ! હવે તું મને શક્તિ અને બુદ્ધિ આપ કે જેથી હું પણ આવો પરોપકાર સમય આવે ખુદના પૈસા ખર્ચીને પણ કરી શકું ! પ્રભુ ક્યારેય આવો પ્રસંગ ન આવે પણ આવે તો મારું કર્તવ્ય બજાવું તેવા આશિષ આપ જેથી મારું જીવતર સુધરે.


## સંવેદના

કોઈ પુણ્યશાળી જ્યારે પોતાની વાહવાહ કરવા મથતો હોય છે, મોટી મોટી તક્તીઓ ઉપર દિવાલ ઉપર ટીંગાવા પ્રયત્ન કરતો હોય છે, સભામાં તેના નામની તાળીઓના ગડગડાટ સાંભળવા આતુર થયો હોય છે ત્યારે મને તેના બિચારા ઉપર દયા આવે છે.

જો, તે માણસે ભેગી કરેલી સંપત્તિ ગરીબને લુંટીને ભેગી કરી છે, જો તે લોકોને ઠગી, લોકોના વિશ્વાસઘાત કરી ધનના ઢગલા ઉપર બેઠો છે. આવા કોઈ રસ્તે લક્ષ્મીનો માલિક બન્યો છે અને તેની તેને વાહવાહની ભયંકર ઈચ્છા રહ્યા કરે છે.

તે માટે તે કહો તેટલા રૂપિયા ફેંકી દેવા તૈયાર છે. તે તક્તી માટે લાખો રૂપિયા વહાવી દેવા તૈયાર છે. તે માટે તે લાખો રૂપિયા આપી છાપામાં છપાઈ જવા તૈયાર છે. તે માટે તે શીલા સ્થાપન કરવા ૧૦ ફૂટ ઊંડા ખાડામાં ઉતરવા તૈયાર થયો છે કે તે માટે મોટું ડોનેશન આપી હજારોની સભામાં પ્રમુખ પદે બિરાજમાન થયો છે તો-

ધનના રૂપિયાના જોશ ઉપર ઊભી થયેલી તેના વાહ વાહ એક દિવસ હવા હવા થઈ જશે. સારા અને સાચા માણસની કે તેના કાર્યની વાહવાહ સ્વયં એના મેળે થાય છે. તેના માટે આટલા ઉધામા કરવા પડતા નથી. જે અંદરથી ખાલી હોય છે, તેની વાહવાહ ક્યારેક હવા બનીને ઉડી જાય છે. પછી કોઈ કૂતરુંય યાદ કરતું નથી.




**હેમસૂત્ર** પરિસ્થિતિને બદલી નાંખવા સંઘર્ષ કરવો પડે, સાથે પુણ્ય જોઈએ. જ્યારે પરિસ્થિતિને અનુકૂળ થવા થોડી સમજ જોઈએ. સંઘર્ષમાં શાંતિ મળે કે ન મળે સમજમાં જરૂર મળે.

# 27- यतितव्यं योगसिद्धौ (5)

## યોગ સિદ્ધિ માટે પ્રયત્ન કરવો જોઈએ.

લલિતવિસ્તરા શાસ્ત્રમાં વર્ણવેલા યોગપૂર્વ સેવાના કર્તવ્યો અંતર્ગત 'યોગસિદ્ધિ' માટે પ્રયત્ન કરવાની વાત ચાલે છે.

આત્મામાં પહેલાં યોગબીજો પડે પછી ધર્મનું સિંચન થતાં તે બીજો ફલીભૂત થાય તેમાંથી વૃક્ષ તૈયાર થાય ત્યારબાદ તેના ઉપર બેસતા ફળોને મોક્ષફળ કહેવાય છે. જોકે આ ઘટનાઓ કંઈ એક-બે જનમમાં બનતી નથી. જન્મારા નીકળી ગયા પછી, આત્માનાં યોગની ભૂમિકા રચાયા પછી આવી ઘટનાઓ ક્રમબદ્ધ બને છે. જે આત્માઓ 'યોગ'ની વાતોમાં રસ લઈ જાણે છે. તેમનો પ્રવાસ ટુંકાય છે. 'યોગ' ગમી જાય યોગબીજો આત્મામાં સંપાદન અને સંગ્રહ કરવાનું મન થાય ત્યારે સાચો માર્ગ પકડાય છે.



ગત અંકમાં 'પહેલા યોગ બીજ' 'जिनेषु कुशलं चित्तं' જિનેશ્વર ભગવાનમાં કુશળ ચિત્ત હોવું તે યોગબીજ કહ્યું છે. તેની વાત થઈ. તે માટે પ્રભુ કેમ મહાન લાગે ! તેના માટે શું વિચારવું વિગેરે વાત કરી પ્રભુ સાથે કેમ પ્રીત કરવી તેની વાત અહીં આગળ કરીશું.

'પિંડસ્થ' ભાવના પછી 'પદસ્થ' ભાવનાની વાત એટલે પ્રભુ કેવલજ્ઞાન પામે પછીની અવસ્થાનું ધ્યાન કરવું તે. આ બધી વાતો યોગબીજોની આત્મામાં વાવણી કરવાની છે. મહાપુરુષોએ સ્તવનોની રચનામાં એવો ભક્તિરસ ભર્યો છે કે તે સ્તવનો બોલતાં પ્રભુમાં એકાકાર થઈએ તો એકવાર ભક્તિ જામી જાય અને પ્રભુ અંતરમાં વસી જાય. ગમી જાય એમની જોડે પ્રીત બંધાઈ જાય તો ભવનો ફેરો સફળ થઈ જાય.

પૂ.માનવિયજી મ. એક સ્તવનમાં લખે છે -

'ધ્યાન પદસ્થ પ્રભાવથી રે ચાખ્યો અનુભવ સ્વાદ' પ્રભુની કેવલી અવસ્થાનું ધ્યાન કરતાં, ભાવના કરતાં પરમાનંદના અનુભવનો સ્વાદ આત્મામાં આવે છે. આવો સ્વાદ એકવાર ચાખવાથી આપણું ચિત્ત વારંવાર એવા આનંદને મેળવવા લાલાયિત બને છે એ તે માટે વારંવાર પ્રભુના ધ્યાનમાં જવા પ્રેરાય છે. જેમ જેમ પ્રભુની સ્મૃતિથી હૃદય ભરાતું જાય છે તેમ તેમ આત્મશુદ્ધિ વધતી જાય છે.

'પદસ્થ' ભાવના - તેનું ધ્યાન કરવાનું છે. તેમાં પ્રભુનો સાધનાકાળ પૂરો થતાં કેવળજ્ઞાની પ્રાપ્તિ થાય છે. ત્યારપછી પૃથ્વી ઉપર વિચરે, તે વખતે પ્રભુને કુદરત તરફથી અપાર ઐશ્વર્ય ભેટ મળે, જે ઐશ્વર્ય આ પૃથ્વી ઉપર કોઈની પાસે ક્યારેય ન આવી શકે. માત્ર ને માત્ર મારા પ્રભુની જ મોનોપોલી. આજ સુધી આ મોનોપોલી કોઈ તોડી શક્યું નથી અને અનંતકાળ પછી પણ કોઈને આ મોનોપોલી મળવાની નથી.

જેમાં પ્રભુની સાથે રહેતા અષ્ટપ્રતિહાર્યો, દેવ તરફથી કરવામાં આવેલા ૧૯ અતિશયો, ૧૧ કર્મક્ષયથી ઉત્પન્ન થયેલા તથા ૪ જન્મથી જ મળેલા એમ કુલ ૩૪ અતિશયોથી યુક્ત ભગવાન જ્યારે ચાલે - પૃથ્વી ઉપર વિહાર કરે ત્યારે કેવો ઠાઠ હોય છે તેનું વર્ણન પ્રભુ નેમનાથના સ્તવનમાં કર્યું છે. તે વાંચજો.

પ્રભુની આગળ હજાર યોજન ઉંચો ધ્વજ ચાલે, છત્ર ચાલે આકાશમાં, બે ચામરો પ્રભુને આજુબાજુથી ઢળાતા હોય, પ્રભુ ઉપર આકાશમાં છત્ર સાથે ચાલે,સિંહાસન પણ સાથે ચાલે (પાદપીઠવાળુ), દેવદુંદુભીના મધુર નાદ થતા હોય, દેવો પ્રભુના પગનીચે સુવર્ણ કમળોની રચના કરે 'કનક કમળ નવ ઉપરે અરિહંતાજી, વિચરે પાય ઠવંત ભગવંતા જી' તેના ઉપર પ્રભુ પગ મૂકી ચાલે, દેવો પ્રભુના પાદને પૃથ્વીનો પણ સ્પર્શ ન થવા દે. છ એ ઋતુઓ એકસાથે ખીલી ઉઠે, વાયુ પણ અનુકૂળ રીતે વાય, રસ્તામાં કાંટા પણ ઊંધા થઈ જાય. વૃક્ષો પોતાની ડાળીઓ નમાવી વિચરતા પ્રભુનું અભિવાદન કરે. પંખીઓ પણ ચાન્સ લઈ પ્રભુની પ્રદક્ષિણા કરતા કરતાં આકાશમાં કલરવ કરે.

પ્રભુ જ્યાં દેશના ફરમાવાના હોય ત્યાં દેવો અગાઉથી જ એવા એક ભવ્ય અને દિવ્ય સમોવસરણની રચના કરે. ઝાકઝમાળ હીરા, મોતી, માણેકથી બનેલા કાંગરા, સોના, રૂપાના ત્રણ ગઢ બનાવે અને એક યોજનના વિસ્તારમાં સુગંધી જલનો છંટકાવ દેવો કરે, જાનુ પ્રમાણ પુષ્પોની વૃષ્ટિ કરે તેના ઉપર થઈ ભવિજીવો પ્રભુની દેશના સાંભળવા આવે.

જેમાં ૧૨ પ્રકારની પર્ષદા હોય, ચાર નિકાયના દેવ-દેવીઓની કુલ આઠ પર્ષદા, સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકા આમ બાર પ્રકારની પર્ષદા પ્રભુની દેશનામાં હોય.

પ્રભુની દેશના શરૂ થાય ત્યારે અમુક દેવો દિવ્યધ્વનિ આપવા દ્વારા દેશનાને મધુર સંગીતમય બનાવે જેનાથી તમામને તેમાં રસ ઉત્પન્ન થાય. પ્રભુ બોલે તેના શબ્દો દરેક મનુષ્ય કે તીર્યંચોને પોતપોતાની ભાષામાં સમજાય. આ પ્રભુનો વાણીનો અતિશય છે. ૩૫ ગુણયુક્ત વાણી હોય. પ્રભુને કેવલજ્ઞાન પછી કેશ, રોમકે દાઢી મૂછના વાળ ક્યારેય વધે નહિ. પ્રભુ કાલાતીત બની ગયા હોવાની કાળની અસર તેમના શરીરને લાગે નહિ.

તેઓ વૃદ્ધ થાય નહિ. આવી તો ઘણી બધી અજાયબીઓ પ્રભુ સાથે જોડાયેલી છે. તમને પ્રભુ ખરેખર મહાન, અદ્વિતીય, અદ્‌ભુત, અનુપમ લાગે. પ્રભુને આપેલા વિશેષણો ખરેખર સાર્થક છે. એટલું જ નહિ એ વિશેષણોથી પણ પ્રભુ કંઈક ઓર છે એવી પ્રતિતી થાય તો કલ્યાણ થઈ જાય.

પ્રભુના આ વૈભવનું વર્ણન કલિકાલ સર્વજ્ઞ પૂજ્યપાદ હેમચંદ્રાચાર્યજીએ વીતરાગ સ્તોત્ર દ્વારા કર્યું છે તમે તેના અર્થ વાંચશો તો તમને લાગશે કે હું જેની નિત્ય પૂજા કરું છું. તે ભગવાન શું આવા છે ? એ આટલા બધા મહાન છે ! તમારા મગજમાં પણ ન બેસે એવી સાચી અને હકીકતની વાતો તેઓશ્રીએ તે સ્તોત્રના ૨૦ પ્રકાશમાં કરી છે.

૧લા પ્રકાશમાં પ્રભુ વીતરાગની સ્તુતિ ૨જામાં પ્રભુની કામણગારી કાયાનું વર્ણન અને જન્મથી ચાર અતિશયોની વાત, ૩જામાં કર્મક્ષયથી ઉત્પન્ન થયેલા ૧૧ અતિશયો, ૪થામાં દેવકૃત ૧૯ અતિશયોની શોભા, પાંચમાં અષ્ટપ્રતિહાર્યોની અનુપમશોભા, પ્રભુની નિંદા કરનારને જડબાતોડ જવાબ છઠ્ઠામાં, સાતમામાં બીજા દર્શનો જેને ભગવાન માને છે તેના વાદનો જવાબ, આઠમામાં પ્રભુએ આપેલ સ્વાદ્‌વાદ, ૯મામાં પ્રભુની ભક્તિનું ફળ, આમ જાતજાતના તાત્ત્વિક વિષયો લઈ પ્રભુની સ્તુતિ કરી છે.

આપણી વાત ચાલે છે જિનેશ્વર પ્રત્યે કુશલ ચિત્ત તે યોગબીજ છે. આવું 'કુશલ ચિત્ત' પ્રભુનો મહિમા જાણો પછી બને, અહોભાવ પ્રગટે અને હૃદયમાં ઊભરાવા લાગે ત્યારે પ્રભુ તરફ ચિત્ત ચોંટે તે માટે આ પ્રયત્ન છે. ત્રીજી ભાવના છે. રૂપાતીત અવસ્થાનું ધ્યાન એટલે સિદ્ધ અવસ્થાનું ભાવન-ચિંતન.

**પ્રભુ સાથે એકાકાર બનવા :**

જિનેશ્વર ભગવંતો પ્રત્યે કુશલ ચિત્ત તે યોગબીજ છે. તેનાથી મન-વચન-કાયાના શુભયોગો સમજી લેવા. કાયાથી ધર્મક્રિયાઓ-અનુષ્ઠાનો કરવા. વચનથી પ્રભુના મહિમાનું વર્ણન કરવું, પ્રભુના ગુણોનું વર્ણન કરતા સ્તોત્રો, સ્તવનો વગેરેનું ઉચ્ચારણ કરવું, ગાન કરવું, બોલવું. નવસ્મરણાદિ સ્તોત્રો બોલવા વગેરે આ બધું યોગબીજ છે. તેથી જીભ પવિત્ર બને છે. વચન લબ્ધિ મળે છે.

કાયા માટે લખ્યું, પણામાદિ ચ સંશુદ્ધં એટલે કાયાથી નમસ્કાર આદિ આરાધન જેમાં પ્રણામ એટલે ત્રણ જાતના નમસ્કાર (૧) અંજલિ બદ્ધ પ્રણામઃ પ્રભુના દર્શન થતા પરમ વિનય પૂર્વક બે હાથ મસ્તકે જોડી મસ્તક ઝૂમવી નમન કરવા તે. (૨) અર્ધાવનત પ્રણામ એટલે પ્રભુના મંદિરમાં ગભારા પાસે જઈ બે હાથ મસ્તકે લગાડી કમરના ભાગથી અર્ધા નમી જવું અને પ્રણામ કરવા તે. (૩) પંચાંગ પ્રણિપાત જેને વ્યવહારમાં ખમાસણું કહેવાય છે તે પાંચ અંગો (બે હાથ, બે ઘુંટણ અને મસ્તક) જમીન પર અડાડવા દ્વારા ઉત્કૃષ્ટ વંદન થાય છે તે (આપણે ત્યાં સાષ્ટાંગ દંડવત્ પ્રણામ નથી. કેમ કે ખમાસમણામાં તેટલી જગ્યા તથા અંગો ખેસથી પૂંજી શકાય છે. સાષ્ટાંગમાં તેટલી જગ્યા તથા શરીર પૂજવું શક્ય નથી માટે જયણા સચવાય નહિ.

શાસ્ત્રકાર કહે છે, આ ત્રણે પ્રણામ શુદ્ધ જોઈએ. નહિતર યોગબીજો ધર્મરૂપ બને નહિ ! હવે પ્રશ્ન થાય કે વળી આ શુદ્ધિ કેવી રીતે થાય ? તો લખ્યું કે, આ ચિત્ત આદિ સંશુદ્ધ ત્યારે થાય કે જ્યારે ભવિતવ્યતાનો પરિપાક થાય. તીવ્ર મિથ્યાત્વની કડવાશ આત્મામાંથી નીકળી ગઈ હોય અને મધુરાશ આવી ગઈ હોય ત્યારે જીવ યોગબીજોને યોગ્ય બને અર્થાત્ ભવિતવ્યતાનો પરિપાક થાય ત્યારબાદ ચિત્ત વગેરે શુદ્ધ બનતાં આરાધના યોગબીજ રૂપ બને.

વળી ચિત્તનો આશય પણ વિશુદ્ધ બનવો જોઈએ તે આ રીતે-યોગબીજ ગ્રહણ કરનારનું ચિત્ત પૌદ્‌ગલિક વિષયોથી કંઈક પરાઙ્‌મુખ બનેલું હોય અને આત્મા તથા આત્માના ગુણોને સન્મુખ હોય. આ વિશુદ્ધ આશય છે. અર્થાત્ જીવને હવે માત્ર શરીરની કે ભૌતિક ચીજો પ્રત્યે જ રસ ન હોય પરંતુ આત્મા માટે પણ હવે વિચારતો હોય તથા આત્માના ગુણો પણ જીવનમાં લાવવાની ઉત્સુક્તા હોય. ધર્મક્રિયાઓ કરતાં આ આશય જરૂરી બને છે. તેથી ધર્મક્રિયાઓ શુદ્ધ બને છે અને કાયા પવિત્ર બને છે.

હવે મનોયોગની વાત કરીએ મનમાં શુભચિંતન, વિચારો આવે એટલે તે શુભ મનોયોગ બને. પ્રભુ સાથે એકાકાર બનવા જેમ કાયા, વચન ઉપયોગી છે તેમ તેનાથી પણ ખૂબ ઉપયોગી બળવાન મન છે.

મનથી કુશલ ચિંતન શું ? અગાઉ પ્રભુની સામે બેસી ત્રણ અવસ્થાઓ ભાવવાની, તેનું ધ્યાન કરવાની વાત કહી. પિંડસ્થ, પદસ્થ અને રૂપાતીત અવસ્થા હવે તે સિવાય બીજુ શું વિચારી શકાય તેનો માત્ર નિર્દેશ અહીં કર્યો છે.

હે પ્રભુ ! તારી નિર્મળતા કેટલી ? પાપ અઢારે દોષ અઢારે તેં ત્યજ્યા, ભાવ દિશા પણ દૂરે કીધ અઢાર જો... સઘળા અવગુણ પ્રભુજી મેં આંગી કર્યા, કહો હવે કેમ થાઉં એકાકાર જો... સ્તવનની આ કડીને વિચારવી.

પ્રભુ હું તો અઢારે પાપસ્થાનોમાં ડૂબેલો છું. (પ્રાણાતિપાત થી મિથ્યાત્વ શલ્ય) જ્યારે તેં તો તે અઢારે પાપસ્થાનોનો જ ત્યાગ કર્યો છે. મારા તમામ સાધુ ભગવંતો તથા સાધ્વીજી ભગવંતો તારા માર્ગે ચડી અઢારે પાપસ્થાનોમાંથી નીકળી ગયા છે. કેવું તે પાપ રહિત નિર્મળ જીવન ? પાપ છે ત્યાં શાંતિ ક્યાંથી

અનુસંધાન પાના નં. ૧૦ ઉપર

## પ્રિય અક્ષય !



લિ. હેમરત્નસૂરિ...

આ એક એવા આત્માના ઉદ્દગાર છે કે જે એક દિવસ સાવ 'ઢ' ગણાતો હતો. જે બિલકુલ નિરક્ષર ભરવાડ હતો. પણ કમાલની વાત છે કે, આજે એ 'ઢ'નું નામ સારા વિશ્વમાં વિદ્વાનોની જબાન પર ગુંજી રહ્યું છે. જેના રચેલા કાવ્યો આજે યુનિવર્સીટીમાં ભણાવાય છે.

એક સમયની વાત છે. રાજકન્યા વિદ્યુતપ્રભાએ સંકલ્પ કરેલો કે મારા પ્રશ્નોના જે જવાબો આપશે તેની સાથે જ હું લગ્ન કરીશ. ઘણા રાજકુમારો રાજદરબારમાં આવી ગયા. પણ કોઈ પ્રશ્નોના જવાબ ના આપી શક્યા, 'ઓલ આઉટ' જાહેર થયેલા બધા જ રાજકુમારો એકવાર ભેગા થયા અને નિર્ધાર કર્યો કે આ અવળચંડી રાજકન્યાને આપણે ગમે તેમ કરીને એકવાર પછાડવી જોઈએ. એવા કોક ભોટ સાથે એને ભીટકાવી દેવી જોઈએ કે જિંદગીભર આપણને યાદ કર્યા કરે.

રાજકુમારો એક ભરવાડને પકડી લાવ્યા. એક વર્ષ સુધી પ્રેક્ટીસ આપીને અપ્ટુડેટ વસ્ત્રો પહેરાવી રાજદરબારમાં હાજર કરી દીધો. રાજપુત્રોએ રાજાને જણાવ્યું કે, આ પ્રચંડ વિદ્વાન પુરુષ છે. એને તમે ઈશારાથી પ્રશ્નો પૂછી શકો છો. માત્ર ઈશારો જોઈ તમારા પ્રશ્નને સમજી લેશે અને ઈશારાથી સાચો જવાબા આપી દેશે. રાજકન્યા વિદ્યુતપ્રભાએ શરત મંજૂર રાખીને એક આંગળી ઊંચી રાખીને ઈશારાથી પ્રશ્ન પૂછ્યો. વિદ્વાને બે આંગળી ઊંચી કરી જવાબ આપ્યો. રાજકુંવરોએ જણાવ્યું કે વિદ્યુતપ્રભા કહે છે કે જગતમાં પુરુષ એક છે. જ્યારે આ પંડિતશ્રી જવાબ આપે છે કે ના, પુરુષ અને પ્રકૃતિ એમ બે ચીજ છે. જવાબ બરાબર સાચો હતો. રાજકન્યા હારી ગઈ અને આ 'ઈશારામેન' સાથે ફરજિયાત મેરેજ કરવા પડ્યા. ધવલમંગલ ગવાઈ ગયા. ઘડીયા લગ્ન લેવાઈ ગયા અને પ્રથમરાત્રિએ વિદ્યુતપ્રભાએ આ વિદ્વાન વરરાજાને સંસ્કૃતમાં કહ્યું કે, 'અસ્તિ કશ્ચિત્ વાગ્વિલાસ.'

આ ભરવાડ કશું જ સમજી શક્યો નહિ અને પત્નીની સામે હેં... હેં... શું કહ્યું ? એમ વારંવાર પૂછવા લાગ્યો. વિદ્યુતપ્રભાએ બે-ત્રણ વાર પ્રશ્ન દોહરાવ્યો, પણ આ પતિદેવ કશું જ સમજી ન શક્યા. વિદ્યુતપ્રભા સમજી ગઈ કે આ સાવ ભોટ માણસ છે. એને એ રાત્રે જ મહેલમાંથી તગેડી મૂક્યો.

ધિક્કાર પામેલા આ પુરુષને પોતાની અજ્ઞાનતા પર લાગી આવ્યું, અને મહાકાળીના મંદિરમાં જઈને પલાઠી લગાવી દીધી. જ્યાં લગી પ્રકાંડ વિદ્વત્તા પ્રાપ્ત ન થાય ત્યાં લગી ન ઉઠું એવો સંકલ્પ કર્યો.

છ મહિનાની સાધના પછી દેવીએ પ્રસન્ન થઈને વિદ્વતા માટેનું વરદાન આપ્યું. આ ભોટ માણસના મસ્તકના તમામ જ્ઞાનતંતુઓ ચાર્જ થઈ ગયા અને એને આ જગતમાં બે નમૂન કાવ્યોની રચના કરી. વિદ્યુતપ્રભાના સવારના ત્રણ શબ્દોના આધાક્ષર તરીકે ઉપયોગ કરીને એને ત્રણ કાવ્યો બનાવ્યા.

'અસ્તિ' શબ્દથી શરૂ થતું મેઘદૂત કાવ્ય.

'કશ્ચિત્' શબ્દથી શરૂ થતું કુમાર સંભવ અને

'વાગ્' શબ્દથી શરૂ થતું રઘુવંશ કાવ્ય. એમઉ કાવ્યો રચ્યા અને રાજા ભોજની સભામાં રાજપંડિતનો ખિતાબ મેળવ્યો. આ વિદ્વદ્વર્યનું શુભ નામછે કવિ શ્રી કાલિદાસ.

રઘુવંશ નામના કાવ્યમાં એમણે ભારતીય પ્રજાની લાઈફના કુલ ચાર વિભાગ દર્શાવ્યા છે અને પ્રત્યેક વિભાગનું કાર્ય દર્શાવ્યું છે. આ દેશના પ્રજાજનો જીવનના શૈશવ નામના પ્રથમ હપ્તામાં વિદ્યા ઉપાર્જન કરવાનું કામ કરતા. જે બ્રહ્મચર્ય આશ્રમ કહેવાતો. યૌવન નામના બીજા હપ્તામાં લગ્નગ્રંથીથી જોડાતા અને સદાચારથી જીવન જીવતા. જે ગૃહસ્થાશ્રમ કહેવાતો. ત્રીજા હપ્તામાં માણસો સંસારની જડો જથામાંથી નિવૃત્ત બનીને જંગલમાં ચાલ્યા જતા અને આત્મસાધના કરતા. જે વાનપ્રસ્થાશ્રમ કહેવાતો. જીવનનો છેલ્લો હપ્તો શરૂ થાય ત્યારે ઔષધ-અન્ન-જળનો ત્યાગ કરીને દેહના મમત્વને ત્યજી દઈને યોગની સાધના કરતા કરતા દેહને છોડી દેતા, જે સન્યાસાશ્રમ કહેવાતો.

આવી ૪ આશ્રમવાળી સંસ્કૃતિ આ દેશમાં હતી. પણ મુગલો અને અંગ્રેજોના આગમન પછી આ વ્યવસ્થા બિલકુલ છિન્નભિન્ન થઈ ગઈ. છેલ્લે ટી.વી.ના આગમન પછી તો આ વ્યવસ્થા નષ્ટ પ્રાય થઈ ચૂકી છે.

'શૈશવે-અભ્યસ્ત-વિદ્યાનાં' ને બદલે આજે 'શૈશવે ભ્રષ્ટ વિદ્યાનાં' જેવી સ્થિતિ થઈ છે. બાલ્યવયે આજે વિદ્યા જેવું રહ્યું છે શું ? સ્કુલો તો માત્ર નામની ઊભી છે. બાકી શિશુઓ તો ટી.વી.ની ખીટી પર ક્યારના ટીંગાઈ ગયા છે. 'ઓ ઈશ્વર ! ભજીયે તને' કે 'જનનીની જોડ સખી નહિ જડે રે લોલ'. જેવા કાવ્યોને બદલે હવે આજના મોર્ડન પીંટુ, સ્વીટુ અને ડીંકુ 'મેરી જાન, મેરી જાન મુરઘી કે અંડે' ના ગીતો ગાય છે. ઈલુ ઈલુ, તમ્મા તમ્મા અને તૂં તૂં તૂં, તૂં તૂં તારા જેવા સાવ ભ્રષ્ટ સીની ગીતો લલકારતા હોય છે. યૌવનમાં શીલ સદાચારને બદલે આજની યુવા પેઢી વ્યસનના પંથે ચઢી ગઈ છે. કોલેજના કેમ્પસો સીગરેટના ઠૂંઠા અને પાન મસાલાના પાઉચથી છવાઈ ગયા છે. વ્યસનના શ્રીગણેશ સાદા પાન મસાલાથી થાય છે. હું ઘણા યુવાનોને પાનપરાગ જેવી પડીકીઓ છોડવાની વાત કરું છું. ત્યારે તે લોકો રોકડો જવાબ આપે છે કે એમાં તમાકુ નથી આવતું. અને તમાકુ વિનાની પડીકી ખાઈએ છીએ. તેમને કોણ સમજાવે કે ભલે તમાકુ ન આવતું હોય પણ એવું કશુંક તો જરૂર આવે છે જે તમને પકડી રાખે છે અને કાયમ માટે એડીક્ટ બનાવી રાખે છે.


એક સ્થળે વાંચેલું કે સોપારીના ટૂકડાઓને અફીણના પાણીમાં ભીંજાવીને પછી તેમાંથી પાન પડીકીઓ તૈયાર કરવામાં આવે છે. જેથી આગળ વધીને બીજી વાત એ છે કે સાદા પાનપરાગથી જે નશો આવે છે તેની મર્યાદા બહુ ટૂંકા દિવસોની હોય છે. થોડાક દિવસ પછી માઈંડને સાદાથી સંતોષ થતો નથી એટલે જર્દાયુક્ત મસાલાની ચળ ઉપડે છે. સાદાના શોખીનને જર્દાયુક્ત મસાલા શરૂ કરતાં વાર નહીં લાગે. કોલેજમાં જેમ એફ.વાય.બી.કોમ પછી એસ.વાય. અને પછી આગળનો ક્રમ છે એમ વ્યવસનોનો ગ્રોથ પણ ક્રમશઃ વધતો આવે છે. પાનપરાગ જેવા પડીકાથી શરૂ થતો વિકાસ તમાકુ, કોકીન, મોર્ફીન, હશીશ, બ્રાઉનસુગર, હેરોઈન, નીડલના માઈલ્ડ સ્ટોનને વટાવીને છેલ્લે જીભ પર જીવતી નાગણના ડંખ **LSD, Xtesy, Smet, Speed & Crenk** સુધી પહોંચી ગયો છે.

# આતમ ઝંખે છૂટકારો...

## ૩જું આવશ્યક વંદન

'મન્નહ જિણાણં'ની સજ્ઝાયમાં આપણે જોઈ રહ્યા છીએ કે, પ્રભુની આજ્ઞા શું છે, તે દરેક જૈને વિચારવું જોઈએ. આ સજ્ઝાયમાં શાસ્ત્રકારોએ આપણને રેડીમેડ કોષ્ટક બનાવીને આપ્યું કે, જો તમારે પરમાત્મા બનવું છે, તો તમે પરમાત્માએ જ બતાવેલો રસ્તો પકડો. તમે જે ભૂમિકામાં છો ત્યાંથી આગળ બતાવેલો રસ્તો પકડો. શ્રાવકની ભૂમિકામાં ૩૬ કર્તવ્યો રોજ કરવાની વાત શાસ્ત્રકાર કહી રહ્યા છે.

અંતરાત્મામાંથી મિથ્યાત્વનો ત્યાગ કરવો. તેનાથી સમ્યક્ત્વ આવશે. તેનાથી આત્મામાં ઘોર અંધકાર મટી કંઈક અજવાળું થશે. તેનાથી હમણાં સુધી સંસાર જ ગમતો હતો, તેની જ ઈચ્છા કરતા હતા, તેની જ સેવા કરતા હતા, સુખ સંસારમાં જ છે, બીજો વિકલ્પ તમે વિચારતા પણ ન હતા. પરંતુ અજવાળું થવાથી થોડીક સમજ આવી. સાવ બિડાઈ ગયેલા નેત્રો સમ્યક્ત્વના અંજનથી ખૂલી ગયા અને આત્મામાં વિવેક પ્રગટ થયો કે, સુખી થવાનો માર્ગ જે મેં પકડી રાખ્યો છે તેનાથી હકીકતમાં હું દુઃખી થઈ રહ્યો છું. આ વિવેક આવતાં સુખના ખરા કારણરૂપ દેવ-ગુરુ અને ધર્મ ગમવા લાગશે. પ્રભુના વચનો ઉપર શ્રદ્ધા થવા લાગી પણ હજુ પ્રભુના કહ્યા મુજબ ચાલવાની વૃત્તિ ન જાગી ! આ વૃત્તિ જાગે અને તમારો સંયમમાં પ્રયત્ન થાય, ધર્મમાં પ્રયત્ન થાય તે માટે આ પ્રેરણાઓ છે.



ષડ્ આવશ્યકોમાં દરેકે ઉદ્યત થવું જોઈએ. આપણે બે આવશ્યકો જોયા જેમાં 'સામાયિક' અને 'ચઉવિસત્થો' હવે ત્રીજુ આવશ્યક છે. 'વંદન' એટલે ગુરુવંદન. ગુરુ એટલે જીવતા-જાગતા ગુરુ, સાક્ષાત્ ગુરુ, પાંચ મહાવ્રત ધારી જે તમને ધર્મ આપે છે, ધર્મ માર્ગમાં ચડાવે છે, ત્યાં સ્થિર કરે છે, તમારા યોગક્ષેમ કરે છે, તમને અકાર્યથી અટકાવે છે. મોક્ષમાર્ગ અજાણ્યો છે. તમે ક્યારેય જાણ્યો નથી. તે મોક્ષમાર્ગ શાસ્ત્રચક્ષુઓ દ્વારા ગુરુ જાણે છે. પોતે પણ તે માર્ગે ગમન કરે છે અને તમને તે માર્ગ ઉપર ચડાવી માર્ગથી પતિત ન થઈ જાઓ તે માટે તમારી કેર કરે છે.

ગુરુએ સ્વયં પોતાની બુદ્ધિથી માર્ગ પકડ્યો નથી પરંતુ ભગવાન સુધર્મસ્વામીની પાવન લોકોત્તર ગુરુ પરંપરાથી માર્ગ મળ્યો છે. તેમણે પણ મોક્ષમાર્ગે ચડવા ૫ મહાવ્રતધારી સંયમી-તપસ્વી-વૈરાગી ગુરુને માથે રાખ્યા છે. આમ જે પંચમહાવ્રતધારી ગુરુ જેઓની પરંપરા છેક સુધર્માસ્વામી સુધી અખંડિત રીતે પહોંચે છે તેઓ હકીકતમાં ગુરુ કહેવા યોગ્ય છે.

જગતમાં ગુરુની વ્યાખ્યાઓ અનેક છે. આપણે તેની પંચાતમાં પડવું નથી. માત્ર હાલ તો આટલી વ્યાખ્યા કરવી છે. જેઓ પંચમહાવ્રતધારી છે. જે સુવિહિત ગુરુ પરંપરામાં છે. જ્ઞાની છે. વૈરાગી છે. આવા ગુરુને વંદન કરવાની વાત છે.

ભગવાન હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા કહે છે, ધર્મં પ્રતિ મૂલભૂતા, ધર્મનું મૂળ વંદના છે.

ગુરુને વંદના તે વિનય છે. તેથી જ વંદન કરનારના જીવનમાં ગુણો ખીલે છે. ગુરુ પરમાત્માની આજ્ઞાઓ સમજાવે છે. ધાર્મિક જીવનની પ્રેરણા કરે છે. એટલે તે આજ્ઞાઓ અંતરમાં ઉતરે ક્યારે ? તો વિનયપૂર્વક સ્વીકારાય ત્યારે ગૃહસ્થગુરુને વંદન કરવાની વિધિ બે હાથ જોડી મસ્તક નમાવી પ્રણામ કરવા તે છે. તેમનું બહુમાન સાચવવું, તેમનું કાર્ય કરવું, જરૂર પડે શક્તિ હોય તો તેમને આર્થિક મદદ કરવી. તેમની પણ ઋણમુક્તિ માટે પ્રયત્ન કરવો જોઈએ.

વ્યવહારિક શિક્ષણ આપનાર પણ ગુરુ છે. તેમનો પણ ઉપર કહ્યા મુજબ વિનય કરવાનો છે. ત્યારબાદ ધાર્મિક શિક્ષણ આપનાર પણ વિદ્યાગુરુ છે. માતા-પિતા તે સહુથી પ્રથમ ગુરુ છે. તેમનો પણ તેટલો જ વિનય સાચવવાનો છે. આગળ વધી ધર્મ માર્ગે ચડાવનાર ભવાલોચના પ્રાયશ્ચિત્ત આપી શુદ્ધિ કરાવનાર સાધુ ભગવંતો પણ ગુરુ છે. તેમને વંદન કરવાની ૩ પદ્ધતિ છે. જે ગુરુવંદન ભાષ્યમાં બતાવી છે.

રસ્તે મળે ત્યારે બે હાથ જોડી મસ્તક નમાવી 'મત્થએણ વંદામિ' આવા શબ્દોથી વંદન કરવાનું છે. જેને ફેટ્ટા વંદન કહેવાય છે. ઉપાશ્રયે જઈ સાધુભગવંતોને 'અબ્ભુટ્ઠિયો' ખામવા પૂર્વક વંદન કરવું તે મધ્યમવંદન છે અને વિશેષ પૌષધ લીધો હોય તેવા પ્રસંગે 'કૃતિકર્મ' નામનું વંદન છે.

આમ ગુરુભગવંતોને ત્રિકાળ વંદન કરવાની શાસ્ત્રો આજ્ઞા કરે છે. તેનાથી વિનયાદિ અનેક ગુણો આવે છે. જ્ઞાનાવરણીય, મોહનીયાદિ કર્મોનો ક્ષય થાય છે. ગુરુનો સત્સંગ થવાથી જ્ઞાનનો લાભ થાય છે. તેમનામાં રહેલાં વૈરાગ્યાદિ ગુણો આપણામાં સંક્રાંત થાય છે. સાધુના પરિચયમાં આવી અનેક આત્માઓ ખુદ સાધુ બની ગુરુપદે બિરાજમાન થઈ ગયા છે.

જગતના મોટાભાગના ધર્મોમાં ગુરુનો મહિમા ગવાયો છે. પરંતુ જૈનદર્શનમાં ગુરુવંદન વગેરેની જે પદ્ધતિ છે તેવી ક્યાંય જોવા મળતી નથી.

જૈન ધર્મના દરેક અનુષ્ઠાનોમાં ગુરુની ઉપસ્થિતિ

અનિવાર્યપણે રહેલી છે. ઘરઆંગણે સિદ્ધચક્રપૂજન ભણાવવાનું હોય તોય શ્રાવકો સાધુ ભગવંતોની નિશ્રા શોધે છે. અરે ! કોઈ શુભ કાર્ય કરવાનું હોય તો પહેલાં ઉપાશ્રયે આવે અથવા ગુરુને ઘરઆંગણે બોલાવી પગલાં કરાવી વંદન-સુપાત્રદાન કરી માંગલિક સાંભળીને પછી શુભકાર્યનો પ્રારંભ કરે છે.

બાળક જન્મ્યા પછી, નામ પાડવા માટે શ્રાવકો બાળકને વાજતે ગાજતે ઉપાશ્રયે ગુરુ પાસે લાવે છે. ગુરુ તે બાળકના જમણા કાળમાં મહાપવિત્ર નવકારમંત્ર તથા માંગલિક સ્તોત્ર સંભળાવે છે. બાળકને તે વખતે જમણા કાનમાં સોનાનું ઘરેણું પહેરાવે છે.

છેલ્લે માણસ મૃત્યુની શૈયામાં જ્યારે છેલ્લા શ્વાસ લેતો હોય ત્યારે પણ ઘરવાળા ઉપશ્રયે જઈ ગુરુને નવકાર સંભળાવવા, અંતિમ આરાધના કરાવવા ગુરુ મહારાજને બોલાવી લાવે છે. મોટા આચાર્ય ભગવંત પણ એક જીવને સમાધિ આપવાનો ચાન્સ જતો નથી કરતા ખુદ પણ ત્યાં પધારી જીવની સદ્ગતિના સાક્ષી બને છે.

જીવનની શરૂઆતમાં પણ ગુરુનું સ્થાન છે અને જીવનના અંતમાં પણ ગુરુની ઉપસ્થિતિ ઈચ્છાય છે. પછી જીવનના મધ્યકાળમાં તો અનેકવાર ગુરુનો યોગ કરી આરાધના કરવાની પરંપરા જૈનદર્શનમાં છે.

અઢારદેશના માલિક-રાજા કુમારપાળ મહારાજા આદિ અનેક જૈન રાજવીઓ થયા જેઓએ પંચમહાવ્રતધારી ગુરુઓને પોતાના મસ્તકે સ્થાપી શાસન કર્યું છે. પોતાની તમામ મુંઝવણોના ઉકેલ ગુરુઓ પાસેથી લઈ સન્માર્ગને સાધ્યો છે. એટલે ગુરુનો મહિમા આજ કાલનો નહિ જેણે ગુરુને માથે રાખ્યા તેઓ સદ્ગતિ માટે નિશ્ચિંત બની જાય છે. જેના માથે કોઈ ગુરુ નથી તેવા જીવોની હાલત પશુ કરતાંય બદતર બની જાય છે.

જૈન સંઘોમાં પણ આવી ગુરુ પરંપરા છે. જે સંઘોમાં જે તે ગુરુનો ઉપકાર થયો હોય તેઓએ ગુરુ તરીકે સ્થાપ્યા હોય છે. સંઘોનો વહિવટ વગેરે તે ગુરુનું માર્ગદર્શન લઈ થતો હોય છે. ગુરુ જે સમાધાન કે માર્ગદર્શન આપે તેને તહત્તિ કરી સંઘો પોતાના વહીવટો ચલાવે છે. જેના કારણે તેવા સંઘોમાં મોટાભાગે ઝઘડા કે મનદુઃખ થતા નથી.

જ્યાં આવી વ્યવસ્થા નથી તેવા સંઘોમાં જ્યારે ડીસ્પ્યુટ થાય. કોઈ બાબતે વિવાદ કે વિખવાદ થાય ત્યારે વહીવટદાર મુશ્કેલીમાં મૂકાય છે. સમાધાન કોની પાસે કરવું તે પ્રશ્ન થાય છે. બધા પોતાની મતિથી ચાલે તો સમાધાન શક્ય નથી બનતું. જેનાથી આખો સંઘ આરાધના વિના સિદાય છે. આવા સંઘોમાં યોગ્ય સાધુ ભગવંતો જવાનું કે ચોમાસુ કરવાનું ટાળે છે. આવા ઘણા બધા નુકશાન થવા સંભવ છે.

વર્તમાનકાળમાં પણ ગુરુપરંપરાની મર્યાદા અનેક સંઘોમાં સચવાઈ છે. તે ખૂબ ગૌરવની વાત છે. જે સંઘોમાં આવી વ્યવસ્થા ન હોય તેઓએ સર્વાનુમતે કોઈક ગીતાર્થજ્ઞાની ગુરુની સ્થાપના કરવી જોઈએ. તેનાથી સંઘ ગુર્વાશ્રિત બને છે.

ગુરુને ઓવરટેક કર્યા વિના તેમના માર્ગદર્શન પૂર્વક સંઘના કાર્યો કરવાથી ક્યાંય વિવાદ સર્જાતો નથી અને સંઘમાં સુખેથી આરાધનાઓ નિરંતર ચાલતી રહે છે. આમ પણ શ્રીસંઘ સ્વતંત્ર નથી પરંતુ શ્રમણપ્રધાન છે. સંઘના ચાર અંગોમાં પ્રધાન અંગ સાધુ-સાધ્વી છે એટલે કે શ્રમણો છે. તેનાથી એમ સમજવું કે સંઘમાં આચાર્ય ભગવંતો પ્રધાન છે. તેમની આજ્ઞા ગૌણ કરી સંઘના કાર્યો ન ચલાવાય તેનાથી શાસનની મર્યાદાઓ તૂટવા લાગે. આગળ જતાં ઘણી મુશ્કેલીઓ ઊભી થાય છે.

જૈન શાસન તે એક પ્રકારનો મેડીકલ સ્ટોર છે. તેમાં પ્રભુની આજ્ઞાઓ તે દવાઓ છે, મેડિસીન છે. જેના માલિક તીર્થંકર પરમાત્માઓ છે. સ્ટોરની દવાઓ દર્દીઓ જાતે લેવાની નથી પરંતુ ગુરુ પાસેથી લેવાની છે. ગુરુ પ્રભુની આજ્ઞાના તાત્પર્યને જાણે છે.કયા દર્દીને કેટલા પ્રમાણમાં કઈ કઈ દવા આપવી તે ગુરુ જાણે છે. તે આ બાબતમાં ગીતાર્થ થયેલા છે, પારંગત થયેલા છે. માટે પ્રભુની આજ્ઞાઓનું જૈન સંઘમાં કેવી રીતે પ્રવર્તન કરવું તે ગુરુને આધીન છે.

ગુર્વાજ્ઞા વિના કરેલા માસક્ષમણના ભીષ્મતપ કરતાં ગુર્વાજ્ઞા પૂર્વક કરેલી નવકારશી ચડી જાય છે. આટલું બધું આજ્ઞાનું આપણે ત્યાં મહત્વ છે. માટે પરમાત્માની જેમગુરુ પણ ત્રિકાળ વંદનીય છે. વસ્ત્ર-પાત્ર અર્પણ દ્વારા પૂજનીય છે. તીર્થંકર ભગવાનની ગેરહાજરીમાં ગુરુની આજ્ઞા તીર્થંકર પરમાત્માની જ આજ્ઞા સમજીને પળાય છે.

તમે તમારા જીવનમાં પહેલાં ગુરુને સ્વીકારો. ત્યારબાદ તેમનું આદર બહુમાન સાચવો. કોઈ ભૂલ થાય, અપરાધ થાય તો ગુરુને ઠપકો આપવાનો અધિકાર આપો. તેનાથી તમારું જીવન ધર્મમય બનશે. સંતાનો વિનયવાળા બનશે. ગુરુનો સંયોગ હોય તો રોજ વંદન કરવાનો નિયમરાખો. થોડા દૂર જવું પડે તો પણ દૂર થઈ વંદન કરવાની ટેવ પાડો. છેવટે સંયોગ ન હોય તો ગુરુના ફોટાને પણ વંદન કરી નિયમ સાચવો. બાર મહિને એક-બે વાર ગુરુ જ્યાં હોય ત્યાં પરિવાર સાથે જઈ વંદન કરવાનો કાર્યક્રમ રાખવો જેથી તેમની સાથેનો સત્સંગ જળવાય. તમને હિતશિક્ષા આપે.

શાસ્ત્રમાં વંદનના વિષયમાં શીતલાચાર્યનું દૃષ્ટાંત આવે છે. એક બહેન હતાં ભાઈ મ. શીતલાચાર્યે દીક્ષા લીધી. ચાર પુત્રોએ પણ પાછળથી દીક્ષા લીધી. ભણી ગણી તૈયાર થયા.

અનુસંધાન પાના નં. ૧૦ ઉપર

## શ્રી ભુવનભાનુ માનસમંદિરમ્ સાધારણ યોજના

કોરોના કાળમાં માનસમંદિર તીર્થની યાત્રાદિ બંધ થયા. પરંતુ સ્ટાફના પગાર આદિ જાવક ચાલુ રહી. આવક બંધ થતાં સાધારણ ખાતામાં જરૂરીયાત ઊભી થઈ. વૉટ્સઅપ દ્વારા ભાવિકોને સાધારણના દાન માટે અપીલ કરતાં ભાવિકોએ સામેથી નામો લખાવ્યા. રૂા.૧૦૮૦૦૦ ના નામો (જે તક્તિમાં લખવામાં આવશે.) અત્રે આપ્યા છે. હજુ પણ આપના નામો તીર્થમાં દાન માટે આવકાર્ય છે. ગૌશાળા માટે પણ દાન યોજના છે.

**: સાધારણ તક્તિ યોજનાના લાભાર્થી :**

૧. શ્રીમતી જયકુંવરબેન માણેકચંદ મહેતા (વર્ધા પરિવાર)
૨. માતુશ્રી શોભનાબેન અમરીશભાઈ મહેતા
૩. શ્રીમતી સુમીત્રાબેન મોહનભાઈ જૈન, અલીબાગ
૪. માતુશ્રી સ્નેહલતાબેન મુલચંદ શાહ - પાટણ
૫. સ્વ.હર્ષાબેન મુકુંદભાઈ શેઠ પરિવાર - ઘાટકોપર
૬. માતુશ્રી કંચનબેન કાંતિલાલ ગાંધી ચેરી. ટ્રસ્ટ - શાહપુર
૭. માતુશ્રી લીલાબેન વેણીચંદ શાહ - ઘોટી
૮. પદ્મ પ્રજ્ઞા ટ્રસ્ટ હ. નિતીનભાઈ - પ્રકાશભાઈ
૯. સુનીલભાઈ માનરાજજી મહેતા, શાંતાક્રુઝ
૧૦. માતુશ્રી મંછાબેન રમણીકલાલ શાહ, આર.કે.શાહ, પાલીતાણાવાળા
૧૧. શેઠશ્રી કાંતીલાલ લલ્લુભાઈ, ઝવેરી પરિવાર
૧૨. શ્રીમતી પ્રતીભાબેન જયપ્રકાશભાઈ ઝવેરી, સાંતાક્રુઝ
૧૩. માતુશ્રી ગજરાબેન રમણીકલાલ શાહ - સાંતાક્રુઝ
૧૪. અરૂણાબેન નિમેશભાઈ કંપાણી પરિવાર - ફોર્ટ
૧૫. અનીતાબેન શૈલેષભાઈ શાહ પરિવાર
૧૬. હંસાબેન શૈલેષભાઈ જોગાણી પરિવાર
૧૭. સ્વ.ટીનુકુમાર દિલીપભાઈ ગાંધી હ. નયનાબેન ગાંધી
૧૮. એસ.ચંપક એન્ડ કું. હ. શૈલેષભાઈ અને ચંપકભાઈ
૧૯. સમુબેન ચુનીલાલજી ચંદન
૨૦. શ્રીમતી સુશીલાબેન અરવિંદભાઈ દેસાઈ પરિવાર, શાંતાક્રુઝ
૨૧. શ્રી શરદચંદ્ર પ્રાણલાલ મહેતા, દાદર
૨૨. કલ્પેશભાઈ શાહ - શ્રીમતી ધાત્રીકાબેન કલ્પેશભાઈ શાહ સાંતેજવાળા, અમદાવાદ
૨૩. વિપુલભાઈ પ્રબોધભાઈ શાહ
૨૪. માતુશ્રી કાંતાબેન ચંદુલાલ મહેતા - ભાયખલા
૨૫. માતુશ્રી રંભાબેન મેઘજી જેઠા દોડીયા પરિવાર
૨૬. માતુશ્રી કંચનાબેન હસ્તીમલજી મુલીયા - રાનીગાંવ
૨૭. માતુશ્રી વિમળાબેન નેમચંદ શાહ - પાટણ
૨૮. માતુશ્રી મેઘબાઈ શિવજી વાલજી નાગડા - માટુંગા
૨૯. શાંતીલાલ બાબુભાઈ ઝવેરી - પાર્લા
૩૦. માતુશ્રી માલતીબેન પ્રમોદભાઈ ઝવેરી - સાંતાક્રુઝ
૩૧. માતુશ્રી કામાક્ષીબેન પ્રવિણચંદ્ર શાહ, પાર્લા-મુંબઈ
૩૨. ભારતીબેન યશવંતભાઈ ઝવેરી
૩૩. વિનોદભાઈ તારાચંદ શેઠ
૩૪. ભાનુહસમુખ રિલીજિયસ ટ્રસ્ટ, વાનેરા જયાબેન શાંતિલાલ ભેમાણી
૩૫. સંગીતાબેન રાજેશભાઈ જોગાણી
૩૬. મયુરીબેન ચેતનભાઈ જોગાણી
૩૭. જૈન જાગૃતી સેન્ટર - જુહુબીચ
૩૮. શેઠશ્રી અચરતલાલ લલ્લુભાઈ ભણસાલી
૩૯. માતુશ્રી અરૂણાબેન રમેશભાઈ શાહ બારડોલી - સાંતાક્રુઝ

**ગૌશાળા લાભાર્થી**

૧. શ્રીમતી ધાત્રીકાબેન કલ્પેશભાઈ શાહ સાંતેજવાળા, અમદાવાદ
૨. નિમેશ નગીનદાસ કંપની પરિવાર, ફોર્ટ

## સુખના સરોવરમાં પણ તું તરસ્યો કેમ ?

જગતે સુખની વ્યાખ્યા 'સગવડો' એવી કરી છે. પણ સુખની તમામ સગવડો મળી ગયા પછી સુખ મળી જાય છે એવું તો કોઈ બુદ્ધિશાળી સ્વીકારશે નહિ. કારણ કે, સગવડો માત્રથી બધાને સુખની અનુભૂતિ થતી નથી ! કબૂલ ! સગવડો દ્વારા સુખ જરૂર મળે છે પણ તે સુખનો અનુભવ કરનાર ચિત્ત સ્વસ્થ હોય તો ! અસ્વસ્થ ચિત્તમાં સુખ અનુભવાતું નથી. જેમ ત્રણ લાખનો બેડ ઊંઘના સુખ માટે સગવડ આપે પરંતુ મન જો ચિંતાથી ઘેરાયું હોય તો ઊંઘ આવતી નથી. એટલે નક્કી થયું કે ત્રણ લાખનો બેડ ઊંઘ તો જ આપી શકે જજો ચિત્ત સ્વસ્થ હોય.

માટે સુખ મળવું, સુખી થવું અને સુખી હોવું એ ત્રણે જુદી વસ્તુ છે. જેનું ચિત્ત સ્વસ્થ છે, મન ચોખ્ખુ છે તે સહજતાથી સુખી છે. તેને બીજા કોઈ બાહ્ય સાધનોની જરૂર રહેતી નથી. તેનું સુખ કોઈ સગવડોને આધારિત પણ નથી.

જેનું ચિત્ત સ્વસ્થ નથી તેને ચિત્ત સ્વસ્થ કરનાર વિચારો, ઉપદેશો કે ઉપાયો મળે તો તે સુખી થાય છે અને જેની પાસે પાંચે ઈન્દ્રિયોના ચિક્કાર સુખો છે. (એટલે કે સાધનો છે.) તેને સુખી થવા, સુખ મેળવવા, સુખની અનુભૂતિ કરવા પણ ચિત્તની સ્થિરતા - સ્વસ્થતા જોઈશે. વિષયાદિ ભોગોમાં સુખની ઈચ્છાઓ ત્યાં સુધી જ રહ્યા કરે છે. જ્યાં સુધી મન સ્વસ્થતા રૂપી સુખને પામ્યું નથી. (અર્થાત્ સ્વસ્થ થતું નથી.) પરંતુ જ્યાં થોડું પણ મનનું સ્વાસ્થ્ય મળ્યું તેને ત્રણે લોકના રાજ્યની પણ ઈચ્છા થતી નથી.

માટે સુખમાં પ્રયત્ન કરતાં પહેલાં ચિત્તને સ્વસ્થ કરવાનો પ્રયત્ન કરો. અનુભવી જ્ઞાનીઓ કહે છે - તમારા ચિત્તને સ્વસ્થ કરવા ગમે તેવી પરિસ્થિતિમાં પણ સહિષ્ણુતા કેળવો, સહન કરવાની વૃત્તિ કેળવો. ગામ ફેરવવાના પ્રયત્નમાં ન જવું પણ આપણું ગાડું ફેરવી લેવું. બીજાને દોષ ન દેવો, સ્વયં સમજી જવું. ભટકતા મનનો પ્રતિપળ નિગ્રહ કરતા રહેવું. ચંચળ બનેલા મનને ક્યાંક જાપ, ધ્યાન, સ્વાધ્યાય, ક્રિયાયોગના કે નવકાર લેખનના ખીલે બાંધવું. મનની શુદ્ધિ કરવા આહારશુદ્ધિ અપનાવવી, જીવનમાં વિચારશુદ્ધિ અને વ્યવહાર શુદ્ધિને સ્થાન આપવું. જ્ઞાનીઓ કહે છે, આ બધું કરનારને ચિત્તનું સ્વાસ્થ્ય મળે છે. બીજાને મુશ્કેલ છે અને તે જ સુખની અનુભૂતિ કરી શકે છે.

સુખના કાળમાં ભોગમાર્ગે જવાથી દુઃખો જ ખરીદવાનું થાય છે. ત્યાગ માર્ગે જવાથી સુપરક્વોલિટીના સુખો મળે છે.

અનુસંધાન પાના નં. ૮ ઉપરથી

એકવાર ચાતુર્માસ અલગ હતું. ચાતુર્માસ બાદ મામા મહારાજને જલદી જલદી વંદન કરવા પહોંચી જઈએ એમ વિચારી વિહાર કર્યો. મામા મહારાજને સમાચાર મળ્યા કે ભાણેજ મુનિવરો આવી રહ્યા છે. ખૂબ આનંદ થયો. રાહ જુએ છે. આજે-આવશે-કાલે આવશે.

એક દિવસ સમાચાર આવ્યા કે ચાર મુનિયો સાંજ સુધીમાં આપની પાસે પહોંચવાના છે. શીતલાચાર્યને ખૂબ આનંદ થયો. સાંજે રાહ જોઈ પરંતુ કોઈ આવ્યું નહિ ! વિચારે છે કદાચ નીકળવામાં મોડું થયું હશે. સવારે આવશે.

આ બાજુ ચારે મુનિયો સમયસર ગામમાં પહોંચી ન શક્યા. ગામ આવે તે પહેલાં જ વેળા થઈ જવાથી ગામ બહાર એક સ્થાનમાં રોકાઈ ગયા. મામા મહારાજને "આજે જ વંદન ન કરી શક્યા." વગેરે વિચારધારાએ ચડી ગયા. આપણા ઉપર કેટલો ઉપકાર ! બસ સવાર પડે ને તેમના ચરણોમાં પહોંચી જઈએ. ચારેયને આવી શુદ્ધિભાવધારાથી રાત્રે જ કેવળજ્ઞાન થઈ ગયું. ચારેય વીતરાગી બની ગયા. હવે મામાનો વંદન વ્યવહાર રહ્યો નહિ.

આ બાજુ મામા મહારાજ આવશ્યક ક્રિયાઓ પૂર્ણ કરી રાહ જોઈ રહ્યા છે. આવતા જતાને પૃચ્છા કરે છે કોઈ મુનિઓને આવતાં જોયા. જવાબ ન મળતાં નિરાશ થયા. સૂર્ય ઉંચે ચડવા લાગ્યો. બે ઘડી પણ વીતી ગઈ. શીતલાચાર્યને થયું કે, કેમ આવ્યા નહિ હોય ? કદાચ તેમના મનાં એવું હશે કે મામા મહારાજ આપણને લેવા આવશે બહુ દૂર નથી. તો ! લાવ તે ન આવ્યા તો હું જ જાઉં ! અને ખભે કામળી નાંખી દાંડો લઈ નીકળ્યા જ્યાં ચાર મુનિયો રોકાયા હતા. ત્યાં જવા લાગ્યા. સામે જ ચાર મુનિઓ બેઠેલા જોઈ આનંદ થયો પરંતુ તરત જ અફસોસ થયો !

અરે ! મને જોઈ રહ્યા છે. છતાં સામે પણ આવતા નથી ! આમ કેમ ? ભલે હું જ જાઉં. મકાનમાં પ્રવેશ કર્યો છતાં પેલા આવકાર પણ આપતા નથી, મન વિમાસણમાં પડ્યું છતાં ભાણીયાઓને પાઠ ભણાવવા નજીક જઈ વંદન કર્યું. ચારે મુનિઓએ વંદન સ્વીકાર્યા પછી મામાને કહ્યું આપે તો દ્રવ્ય વંદન કર્યું.

ઓહ ! તમે કેવી રીતે જાણ્યું ? જ્ઞાનથી ! ઓહ શું આપ કેવલી બન્યા છો ? શીતલાચાર્યને જાણે વજ્રઘાત થયો હોય તેમ કેવલીઓના ચરણમાં પડી આશાતનાની માફી માંગવા લાગ્યા. વારંવાર મિચ્છા મિ દુક્કડં દેવા લાગ્યા. તેવામાં તો તેઓને પણ કેવલજ્ઞાન ઉત્પન્ન થયું ! જ્યોત સે જ્યોત જલે ! એકમાત્ર વંદનાનો ભાવ અને કેવલજ્ઞાન ! આ છે વંદન આવશ્યકનો મહિમા ! એક નાનકડું આદરપૂર્વકનું ગુરુવંદન શું આપી શકે છે તે જોઈ જીવનમાં ગુરુવંદનનો નિયમ કરવા જેવો છે.

અનુસંધાન પાના નં. ૫ ઉપરથી

હોય ? જ્યારે પાપ વિનાના જીવનમાં કેવી શાંતિને તું અનુભવતો હોઈશ. હે કરુણાકર હું તે પાપ સ્થાનોમાંથી ક્યારે નીકળીશ ?

પ્રભુ ! અનેક દોષોથી મારું તો જીવન ભરેલું છે. ક્યાં હું દોષોનો દરિયો અને ક્યાં દોષ રહિત તારું જીવન ! અઢારે દોષોથી મુક્ત બની કેવા પરમ આનંદમાં તું મહાલે છે ? મને તેનો તો અંશ પણ ક્યાંથી અનુભવના મળે ? અને છેલ્લે ૧૮ ભાવદિશાનો પણ તેં ત્યાગ કરી પરમ આનંદ, પરમશાંતિના ઉચ્ચ શિખરે બિરાજી ગયો ! ક્યાં મેરુ ઉપર તારો આવાસ અને ક્યાં ઊંડા ખાડામાં મારું જીવન ! પ્રભુ ! મને પણ કંઈક ઉપાય બતાવ જેથી હું પણ સંસારના આ કીચડમાંથી નીકળી સમતાના ઉચ્ચ શિખરે પહોંચી શકું !

બસ પ્રભુ સામે જોઈ... ટગર ટગર જોઈ વિચારતા જાઓ... બોલતા જાઓ... એવી એક પળ આવે કે શબ્દોની પ્રતિતિ થવા લાગે, હૃદયમાં તેની સંવેદના જાગે મંદિરમાં માત્ર ભગવાન હોય અને તમે હો ! અને સંવેદનાના ફળ સ્વરૂપે આંખોમાં ઝળઝળીયાં આવે, અશ્રુબિંદુઓ ટપકવા લાગે, એકાગ્રતાની આ ક્ષણ જન્મોના પાપ ધોવા સમર્થ બને. હૃદયને ખુલ્લુ મૂકો, કોઈ મને જોઈ રહ્યું છે તેવો ખ્યાલ પણ ભૂલાઈ જાય ! બને કે ઘણા બધાની ઉપસ્થિતિમાં પણ તમારી આ પ્રાર્થના ડુસકા રૂપે પ્રભુના ચરણોમાં અર્પણ થતી જાય ! બસ આ જ આપણું એકાગ્રધ્યાન છે. બીજી બધી માથાકૂટ છોડો. પ્રભુ સાથે આ રીતે એકાગ્ર થવાની ટેવ પાડો, પ્રભુ મય બનો. ક્રમશઃ

॥ શ્રી પ્રેમ-ભુવનભાનુ-જયઘોષ-રાજેન્દ્ર-હેમરત્નસૂરીશ્વરેભ્યો નમઃ ॥
ગચ્છાધિપતિ પૂ.આ.શ્રી **રાજેન્દ્રસૂરીશ્વરજી** મહારાજાની અનુજ્ઞાથી
રાજનગર અમદાવાદ મધ્યે પૂ.આચાર્ય ભગવંતો
પૂ.આ.શ્રી **હેમચંદ્રસૂરીશ્વરજી** મહારાજા
પૂ.આ.શ્રી **જગચ્ચંદ્રસૂરીશ્વરજી** મહારાજા
પૂ.આ.શ્રી **જયસુંદરસૂરીશ્વરજી** મહારાજા
પૂ.આ.શ્રી **મુક્તિવલ્લભસૂરીશ્વરજી** મહારાજા
આદિના શુભાશિષ પૂર્વક
વિ.સં.૨૦૭૭ કા.સુ.૫, ગુરુવાર, તા.૧૯-૧૧-૨૦૨૦ના
શુભદિને શ્રી પંચમાંગ વિવાહપન્નતિ -
શ્રીમતી ભગવતીસૂત્ર યોગવાહિ મુનવરો...
યુવાહૃદયસમ્રાટ્ પૂ.આ.શ્રી **હેમરત્નસૂરીશ્વરજી** મહારાજાના
શિષ્યરત્ન પૂ.મુનિશ્રી **હૃદયરત્ન** વિ.મ.
પૂ.આ.શ્રી **મુક્તિવલ્લભસૂરીશ્વરજી** મહારાજાના
શિષ્યરત્ન પૂ.મુનિશ્રી **વિતરાગવલ્લભ** વિ.મ.
વૈરાગ્યદેશનાદક્ષ પૂ.આ.શ્રી **હેમચંદ્રસૂરીશ્વરજી** મહારાજાના
પ્રશિષ્ય ગણિશ્રી **જિનપ્રેમવિજયજી મ.**
આદિની પંન્યાસ-ગણિપદ પ્રદાન વિધિ યોજાયેલ છે. આ
પ્રસંગે અમદાવાદ સ્થિત પૂજ્યવર્યો પધારશે.

અનુસંધાન પાના નં. ૮ ઉપરથી

એકવાર ચાતુર્માસ અલગ હતું. ચાતુર્માસ બાદ મામા મહારાજને જલદી જલદી વંદન કરવા પહોંચી જઈએ એમ વિચારી વિહાર કર્યો. મામા મહારાજને સમાચાર મળ્યા કે ભાણેજ મુનિવરો આવી રહ્યા છે. ખૂબ આનંદ થયો. રાહ જુએ છે. આજે-આવશે-કાલે આવશે.

એક દિવસ સમાચાર આવ્યા કે ચાર મુનિયો સાંજ સુધીમાં આપની પાસે પહોંચવાના છે. શીતલાચાર્યને ખૂબ આનંદ થયો. સાંજે રાહ જોઈ પરંતુ કોઈ આવ્યું નહિ ! વિચારે છે કદાચ નીકળવામાં મોડું થયું હશે. સવારે આવશે.

આ બાજુ ચારે મુનિયો સમયસર ગામમાં પહોંચી ન શક્યા. ગામ આવે તે પહેલાં જ વેળા થઈ જવાથી ગામ બહાર એક સ્થાનમાં રોકાઈ ગયા. મામા મહારાજને "આજે જ વંદન ન કરી શક્યા." વગેરે વિચારધારાએ ચડી ગયા. આપણા ઉપર કેટલો ઉપકાર ! બસ સવાર પડે ને તેમના ચરણોમાં પહોંચી જઈએ. ચારેયને આવી શુદ્ધિભાવધારાથી રાત્રે જ કેવળજ્ઞાન થઈ ગયું. ચારેય વીતરાગી બની ગયા. હવે મામાનો વંદન વ્યવહાર રહ્યો નહિ.

આ બાજુ મામા મહારાજ આવશ્યક ક્રિયાઓ પૂર્ણ કરી રાહ જોઈ રહ્યા છે. આવતા જતાને પૃચ્છા કરે છે કોઈ મુનિઓને આવતાં જોયા. જવાબ ન મળતાં નિરાશ થયા. સૂર્ય ઉંચે ચડવા લાગ્યો. બે ઘડી પણ વીતી ગઈ. શીતલાચાર્યને થયું કે, કેમ આવ્યા નહિ હોય ? કદાચ તેમના મનાં એવું હશે કે મામા મહારાજ આપણને લેવા આવશે બહુ દૂર નથી. તો ! લાવ તે ન આવ્યા તો હું જ જાઉં ! અને ખભે કામળી નાંખી દાંડો લઈ નીકળ્યા જ્યાં ચાર મુનિયો રોકાયા હતા. ત્યાં જવા લાગ્યા. સામે જ ચાર મુનિઓ બેઠેલા જોઈ આનંદ થયો પરંતુ તરત જ અફસોસ થયો !

અરે ! મને જોઈ રહ્યા છે. છતાં સામે પણ આવતા નથી ! આમ કેમ ? ભલે હું જ જાઉં. મકાનમાં પ્રવેશ કર્યો છતાં પેલા આવકાર પણ આપતા નથી, મન વિમાસણમાં પડ્યું છતાં ભાણીયાઓને પાઠ ભણાવવા નજીક જઈ વંદન કર્યું. ચારે મુનિઓએ વંદન સ્વીકાર્યા પછી મામાને કહ્યું આપે તો દ્રવ્ય વંદન કર્યું.

ઓહ ! તમે કેવી રીતે જાણ્યું ? જ્ઞાનથી ! ઓહ શું આપ કેવલી બન્યા છો ? શીતલાચાર્યને જાણે વજ્રઘાત થયો હોય તેમ કેવલીઓના ચરણમાં પડી આશાતનાની માફી માંગવા લાગ્યા. વારંવાર મિચ્છા મિ દુક્કડં દેવા લાગ્યા. તેવામાં તો તેઓને પણ કેવલજ્ઞાન ઉત્પન્ન થયું ! જ્યોત સે જ્યોત જલે ! એકમાત્ર વંદનાનો ભાવ અને કેવલજ્ઞાન ! આ છે વંદન આવશ્યકનો મહિમા ! એક નાનકડું આદરપૂર્વકનું ગુરુવંદન શું આપી શકે છે તે જોઈ જીવનમાં ગુરુવંદનનો નિયમ કરવા જેવો છે.

અનુસંધાન પાના નં. ૫ ઉપરથી

હોય ? જ્યારે પાપ વિનાના જીવનમાં કેવી શાંતિને તું અનુભવતો હોઈશ. હે કરુણાકર હું તે પાપ સ્થાનોમાંથી ક્યારે નીકળીશ ?

પ્રભુ ! અનેક દોષોથી મારું તો જીવન ભરેલું છે. ક્યાં હું દોષોનો દરિયો અને ક્યાં દોષ રહિત તારું જીવન ! અઢારે દોષોથી મુક્ત બની કેવા પરમ આનંદમાં તું મહાલે છે ? મને તેનો તો અંશ પણ ક્યાંથી અનુભવના મળે ? અને છેલ્લે ૧૮ ભાવદિશાનો પણ તેં ત્યાગ કરી પરમ આનંદ, પરમશાંતિના ઉચ્ચ શિખરે બિરાજી ગયો ! ક્યાં મેરુ ઉપર તારો આવાસ અને ક્યાં ઊંડા ખાડામાં મારું જીવન ! પ્રભુ ! મને પણ કંઈક ઉપાય બતાવ જેથી હું પણ સંસારના આ કીચડમાંથી નીકળી સમતાના ઉચ્ચ શિખરે પહોંચી શકું !

બસ પ્રભુ સામે જોઈ... ટગર ટગર જોઈ વિચારતા જાઓ... બોલતા જાઓ... એવી એક પળ આવે કે શબ્દોની પ્રતિતિ થવા લાગે, હૃદયમાં તેની સંવેદના જાગે મંદિરમાં માત્ર ભગવાન હોય અને તમે હો ! અને સંવેદનાના ફળ સ્વરૂપે આંખોમાં ઝળઝળીયાં આવે, અશ્રુબિંદુઓ ટપકવા લાગે, એકાગ્રતાની આ ક્ષણ જન્મોના પાપ ધોવા સમર્થ બને. હૃદયને ખુલ્લુ મૂકો, કોઈ મને જોઈ રહ્યું છે તેવો ખ્યાલ પણ ભૂલાઈ જાય ! બને કે ઘણા બધાની ઉપસ્થિતિમાં પણ તમારી આ પ્રાર્થના ડુસકા રૂપે પ્રભુના ચરણોમાં અર્પણ થતી જાય ! બસ આ જ આપણું એકાગ્રધ્યાન છે. બીજી બધી માથાકૂટ છોડો. પ્રભુ સાથે આ રીતે એકાગ્ર થવાની ટેવ પાડો, પ્રભુ મય બનો. ક્રમશઃ

॥ શ્રી પ્રેમ-ભુવનભાનુ-જયઘોષ-રાજેન્દ્ર-હેમરત્નસૂરીશ્વરેભ્યો નમઃ ॥

ગચ્છાધિપતિ પૂ.આ.શ્રી **રાજેન્દ્રસૂરીશ્વરજી** મહારાજાની અનુજ્ઞાથી

રાજનગર અમદાવાદ મધ્યે પૂ .આચાર્ય ભગવંતો

પૂ.આ.શ્રી **હેમચંદ્રસૂરીશ્વરજી** મહારાજા

પૂ.આ.શ્રી **જગચ્ચંદ્રસૂરીશ્વરજી** મહારાજા

પૂ.આ.શ્રી **જયસુંદરસૂરીશ્વરજી** મહારાજા

પૂ.આ.શ્રી **મુક્તિવલ્લભસૂરીશ્વરજી** મહારાજા

આદિના શુભાશિષ પૂર્વક

વિ.સં.૨૦૭૭ કા.સુ.૫, ગુરુવાર, તા.૧૯-૧૧-૨૦૨૦ના

શુભદિને શ્રી પંચમાંગ વિવાહપન્નતિ -

શ્રીમતી ભગવતીસૂત્ર યોગવાહિ મુનવરો...

યુવાહૃદયસમ્રાટ્ પૂ.આ.શ્રી **હેમરત્નસૂરીશ્વરજી** મહારાજાના

શિષ્યરત્ન પૂ.મુનિશ્રી **હૃદયરત્ન** વિ.મ.

પૂ.આ.શ્રી **મુક્તિવલ્લભસૂરીશ્વરજી** મહારાજાના

શિષ્યરત્ન પૂ.મુનિશ્રી **વિતરાગવલ્લભ** વિ.મ.

વૈરાગ્યદેશનાદક્ષ પૂ.આ.શ્રી **હેમચંદ્રસૂરીશ્વરજી** મહારાજાના

પ્રશિષ્ય ગણિશ્રી **જિનપ્રેમવિજયજી મ.**

આદિની પંન્યાસ-ગણિપદ પ્રદાન વિધિ યોજાયેલ છે. આ પ્રસંગે અમદાવાદ સ્થિત પૂજ્યવર્યો પધારશે.

ઈર્ષાનો સ્વભાવ જ બાળવાનો છે. તે તમને સુખમાં પણ સળગતા રાખે છે. અંતે દુઃખોના દાવાનળમાં શેકી નાખે છે.

# માનસમંદિરમ્ તીર્થની આછેરી ઝલક
























**સૌજન્ય : સ્વ. કાન્તાબેન ચંદુલાલ મહેતા, ભાયખલા, મુંબઈ**

RNI NO. : GUJGUJ/2006/16904 (Delhi) Publish & Posted 16th of every month at Ahd. PSO

Reg.No. : GAMC 988 / 2018-2020 Issued by SSP Valid up to 31-12-2020

Licence to Post without Prepayment LPWP Licence No. : PMG/HQ/058/2018-20 Valid up to 31-12-2020

# श्री शत्रुंजय तीर्थधाम भुवनभानु मानसमंदिरम् तीर्थ



માલિક : શ્રી અર્હદ્ ધર્મ પ્રભાવક ટ્રસ્ટ
૧૭, પ્રાર્થનાપીઠ, ઈલોરાપાર્ક, જૈન દેરાસર પાસે,
નારણપુરા ચાર રસ્તા, અમદાવાદ - ૩૮૦ ૦૧૩
ફોન : 079-27681317

તંત્રી-મુદ્રક-પ્રકાશક : કલ્પેશભાઈ વી. શાહ, અમદાવાદ
મુદ્રક : સર્વોદય ઓફસેટ, અમદાવાદ.

To,

SAMYAK - 98245 15514